જરુરી.

ધમકીભર્યાં પત્રો કે અરજીઓ બાબત
તાત્કાલિક કાર્યવાહી કરવા અંગે:

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:વસખ-૧૭૭૪-૧૩૫-ન,
સચિવાલય, ગાંધીનગર.

તારીખ:- ૭-૧૦-૧૯૭૭.

પ રિ પ ત્ર:-

સરકારના ધ્યાન ઉપર આવ્યું છે કે એક કેસમાં અરજદારે પોતાનું ખૂન થવાની દહેશત અંગેની જાણ લેખિત અરજી દ્વારા સ્થાનિક પોલીસ સબ ઇન્સ્પેક્ટર તથા જીલ્લા પોલીસ અધિકારીને કરેલ. તે અગાઉ પણ સદરહુ અરજદારે પોતાના સામાવાળા વિરુધ્ધ વારંવાર ફરિયાદ કરેલ. તે વિસ્તારના ધારાસભ્યશ્રીએ પણ જીલ્લા પોલીસ અધિકારીશ્રીને રુબરુમાં મળી અરજદારોને ભય હોવા બાબતની જાણ કરેલ અને પત્ર પણ આપેલ. છતાં, પુરતાં પોલીસ રક્ષણના અભાવે અરજદારનું ખૂન થવા પામેલ. સરકાર આ બાબતને ઘણી જ ગંભીર ગણે છે. આથી, તમામ જીલ્લા પોલીસ અધિકારીશ્રીઓ, વિભાગીય પોલીસ અધિકારીશ્રીઓ તેમજ અન્ય પોલીસ અધિકારીશ્રીઓને સૂચના આપવામાં આવે છે કે જ્યારે જ્યારે કોઇપણ અરજદાર પોતાનું ખૂન થવાના ભયની જાણ મૌખિક અથવા લેખિત રીતે જે તે પોલીસ અધિકારી અથવા તેમના તાબા હેઠળના પોલીસ સ્ટાફને કરે ત્યારે તે પોલીસ અધિકારીએ વધુ સમય ગુમાવ્યા વિના તે અરજદારની રજુઆત બાબતમાં તાત્કાલિક કાર્યવાહી કરવી અને જરુર પડે તો પોલીસ રક્ષણ પણ આપવું. તે સાથેજ સામાવાળાઓ વિરુધ્ધ જરુરી અટકાયતી પગલાં લેવા અને સામાવાળાઓ કોઇ અઘટિત કૃત્ય ન કરે તે જોવું. આ બાબતમાં કોઇપણ ધારાસભ્યશ્રી પોલીસમાં રજુઆત કરે તો જીલ્લાના પોલીસ વડાએ સંબંધિત શખ્સની સલામતિ અંગે યોગ્ય વ્યવસ્થા કરી ધારાસભ્યશ્રીને જાણ કરવી અને અરજદારને પણ જવાબ આપવો તેમજ જરુરી પગલાં તાત્કાલિક લેવાય તેની ખાત્રી કરવી. આ પ્રકારના કેસોમાં યોગ્ય અને સમયસરની કાર્યવાહી ન કરનાર પોલીસ અધિકારી સામે સખ્ત પગલાં લેવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પ્રફુલ્લ ગુપ્તે

પ્રફુલ્લ ગુપ્તે,
ઉપ સચિવ,
ગૃહ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,

પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.

સર્વે જીલ્લા પોલીસ અધિકારીશ્રીઓ,
સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ, વેસ્ટર્ન રેલ્વે, વડોદરા.

નકલ:- સવિનય રવાના જાણ માટે:-
મુખ્ય પોલિસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
અધિક મુખ્ય પોલિસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
સર્વે નાયબ મુખ્ય પોલિસ અધિકારીશ્રીઓ,
સર્વે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી,
ગૃહ વિભાગ: બ, ડ, સ, મ, ર શાખાઓ:

કસારા-૫૧૦.